o/c

GUJMIN INDUSTRY ASSOCIATION
2nd Floor, Marble & Mineral Chambers, B/h. D. K. House,
Mithakhali, Ahmedabad - 380 006. (Gujarat) • Tel.Fax : 079 - 26427047
E-mail: gujmin@gmail.com • Web : www.gujaratmineral.org
ESTD. 1962

તા. ૨૬-૦૬-૨૦૨૪

નં. ગુજમીન/માઇનિંગ ઇસ્યુ/૨૦૨૪/૫૦

પ્રતિ

અધિક મુખ્ય સચિવશ્રી,

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

બ્લોક નં.૫/૩ સચિવાલેય,

ગાંધીનગર

વિષય: **નોનપ્લાન્ટ ગ્રેડ બોકસાઈટની નિકાસમાં સરળીકરણ કરવા, એક્સપોર્ટ ડ્યૂટી ઘટાડવા અને રોયલ્ટી રીફંડ કરવા અંગે:**

માનનીય સાહેબશ્રી,

જાય ભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે વિનંતી સાથે જણાવવાનું કે ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન, ખનિજ ઉદ્યોગનું સને ૧૯૬૨ થી ખનિજોના લીઝ ધારકોનું પ્રતિનિધિત્વ ધરાવતુ રાજ્ય સ્તરનું સરકાર માન્ય એસોસિએશન છે. આ ઉદ્યોગ સાથે સંકળાયેલા અમારા સભ્યો તરફથી અમોને માઇનિંગ ઉદ્યોગના વિવિધ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવે છે જે અન્વયે રાજ્ય સરકારશ્રીને તેના વ્યાવહારિક નિરાકરણ માટે અમારા અનુભવી હોદેદારો દ્વારા તૈયાર કરી સુચનો સરકારશ્રીમાં રજૂ કરવામાં આવે છે. જે અન્વયે નીચે મુજબના પ્રશ્નની અમારી રજૂઆત અને અમારા સૂચનો ધ્યાને લઈ આપશ્રીને આ અંગે ઘટતું કરવા વિનંતી છે.

**પ્રશ્નની વિગત:**

રાજ્યમાં બોકસાઈટની કેપ્ટિવ માઈનીંગ લીઝોમાં પ્લાન્ટ ગ્રેડ બોકસાઈટના ખાણકામ દરમ્યાન નોન પ્લાન્ટ ગ્રેડ બોકસાઈટ ૮૦/૯૦ ટકા જેટલો અનિવાર્ય પણે જનરેટ થતો હોય છે જેના નિકાલ/નિકાસની મંજૂરીની પ્રક્રિયા લાંબી અને ઝટીલ છે જે સરળ બનાવવી જરૂરી છે. નિકાસ ઉપરની ૧૫ ટકા એક્સપોર્ટ ડ્યૂટી ઘણી વધારે છે જે ઘટાડવા તથા બોકસાઇટના રોયલ્ટીના દરો અન્વયેના નામ. સુપ્રિમ કોર્ટના હુકમ વર્ષ ૨૦૧૬ અનુસાર વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬ સુધી ભરાયેલ રોયલ્ટીની ફેરગણતરી કરી રીફંડ મળવા રાજ્ય સરકાર/કેન્દ્ર સરકારને રજૂઆત કરવી બોકસાઈટ ખંનિજ વિકાસના હિત માં છે.

ESTD. 1962

અમારું સુચન:

(૧) નોન પ્લાન્ટ ગ્રેડ બોકસાઈટની નિકાસ માટેની રાજ્ય સરકારશ્રીની પરવાનગી મેળવવા લગભગ ૨૦ તબક્કાઓમાથી પસાર થવું પડે છે, ખુબજ લાંબો સમય લાગે છે. જેને સરલીકરણ કરી 'Ease of doing business' ના લાભ આપવા વિનંતી.

(૨) નોન પ્લાન્ટ ગ્રેડ બોકસાઈટની નિકાસ ઉપર ૧૫% એક્સપોર્ટ ડ્યુટીના કારણે છેલ્લા ૪ વર્ષમાં નિકાસમાં ૭૦ થી ૭૫ % ઘટાડો થવાથી દેશને વિદેશી હુંડિયામણનું નુકશાન થાય છે. રોજગારી અને રાજ્ય સરકારશ્રીની અવકમાં ઘટાડો થયો છે. જેથી નિકાસને વેગ આપવા એક્સપોર્ટ ડ્યૂટી દૂર કરવા કેન્દ્ર સરકારશ્રીને રજૂઆત કરવા વિનંતી.

(3) બોકસાઈટ ખનિજના રોયલ્ટીના દરો અન્વયેના ના. સુપ્રિમકોર્ટના વર્ષ ૨૦૧૬ ના ચુકાદા મુજબ વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૬ સુધી ભરાયેલ રોયલ્ટીની ફેરગણતરી કરી વધુ ભરાયેલ રોયલ્ટીની રકમનું રીફંડ કરવા વિનંતી.

(૪) નોન પ્લાન્ટ ગ્રેડ બોકસાઈટની નિકાસ પરવાનગીમાં માત્ર લો ગ્રેડ માલ જતો હોય છે અને તેનું વેરીફિકેશન થતું હોય છે. એડ્વાન્સ રોયલ્ટી હાઈગ્રેડ મુજબ ભરપાઈ કરાવેલ છે તેથી 'end users' નું પ્રમાણપત્ર રજુ કર્યા બાદ આ ભરાયેલી અને ભરવાપાત્ર રોયલ્ટીનો તફાવત રીફંડ અથવા લીઝ ધારકને તેની ભરવાપાત્ર રોયલ્ટીમાં સરભર કરી આપવા હુકમો થઈ આપવા વિનંતી.

ઉપરોક્ત રજૂઆત અંગે ઘટતું થવા વિનંતી.

આપનો વિશ્વાસુ,
ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન વતી

સી.એમ.દ્વિવેદી

પ્રમુખ

નકલ રવાના:
કમિશ્નરશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતું, ગાંધીનગર તરફ ઘટતું કરવા વિનંતી.